# ગુજરાતમાં વાયુ ઈફેક્ટ વચ્ચે ૨૮ તાલુકાઓમાં વરસાદ

## સોમનાથ, પોરબંદર, દીવ, વેરાવળ સહિતના વિસ્તારોમાં પ્રતિ કલાક ૭૫થી ૮૦ની ઝડપે જોરદાર તોફાની પવન ફુંકાયો : દરિયાકાંઠે ઉંચા મોજા ઉછળ્યા

અમદાવાદ,તા. ૧૩

વાયુ વાવાઝોડાની અસરના કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યમાં ૨૮ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો છે. ૧૨ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે. જ્યાં વરસાદ થયો છે તેમાં જાફરાબાદ, ખાંભા, તળાજા, લાઠી, મહુવા, રાજુલા, પાલીતાણા, અમરેલી, ગઢડા, ઉમરાળા, ભાવનગર, વલ્લભીપુર સહિત ૧૨ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે જ્યારે ગારિયાધાર, ઉના, બરવાળા, માંગરોલ, ગીરગઢડા, લિલિયા, સાવરકુંડલા, જેસર, કલ્યાણપુર, બાબરા, વેરાવળ, ચોર્યાસી, જલાલપુર સહિત કુલ ૧૬ તાલુકાઓમાં અડધો ઈંચ વરસાદ થયો છે. વાયુ વાવાઝોડુનો ખતરો ગુજરાત પર નહીં આવે તેવું સ્કાયમેટ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે પરંતુ તેની અસર પોરબંદર, દ્વારકા, વેરાવળ અને ઓખા સહિતના દરિયાકાંઠે થશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વાયુ વાવાઝોડાની અસરના ભાગરૂપે તોફાની પવન સાથે અતિ ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. આજે વહેલી સવારથી જ સોમનાથ, પોરબંદર, દીવ, વેરાવળ સહિતના વિસ્તારોમાં પ્રતિ કલાક ૭૫થી ૮૦ની ઝડપે જોરદાર તોફાની પવન ફુંકાયો હતો, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. તો, દરિયાકાંઠાના અને સૌરાષ્ટ્રના કેટલાય વિસ્તારોમાં આજે તોફાની પવન સાથેનો ભારે વરસાદ પણ ખાબકયો હતો. આજે વહેલી સવારથી સૌરાષ્ટ્રના તમામ દરિયાઓ જાણે ગાંડાતૂર બન્યા હતા અને દરિયામાં તોફાની અને ખૂબ ઉંચા મોજા ઉછળ્યા હતા. તોફાની પવનની ગતિ હજુ થોડા કલાકો સુધી ચાલુ રહે તેવી શકયતા પણ ડિઝાસ્ટર ઓફિસર કે.એસ.ત્રિવેદીએ વ્યકત કરી હતી. બીજીબાજુ, ઉનાના રાજપરા બંદર ખાતે ગઈકાલે એક માછીમાર દરિયામાં ગરકાવ થયો હતો. જેનો આજે મૃતદેહ મળી આવ્યો હતો. જેને લઈ સ્થાનિક માછીમારોમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. વેરાવળમાં ભારે પવનને કારણે ૧૦થી ૧૨ જેટલા વૃક્ષો ધરાશાયી થયા છે. પરંતુ કોઈ જાનહાનિ સર્જાઈ નથી. વાવાઝોડાની અસરને લઈને રાજુલા અને પીપાવાવ પોર્ટ ખાતે ધોધમાર વરસાદ પડયો હતો. વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. વાવાઝોડુ જેમ જેમ નજીક આવતું જશે તેમ તેમ દરિયાઈ કાંઠા પર ભારે વરસાદ પડવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. વાયુ વાવાઝોડાની અસરના ભાગરૂપે સૌરાષ્ટ્રના કેટલાય વિસ્તારોમાં વહેલી સવારથી જ ભારે પવન સાથે ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. રાજકોટ, જસદણ, આટકોટ, વીંછિયા, અમરેલી, જૂનાગઢ, જામનગર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. ગોંડલમાં પણ સારો એવો વરસાદ નોંધાયો હતો. વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વહેલી સવારના આંકડા મુજબ, વેરાવળમા ૯ , તાલાલા ૬, સુત્રાપાડા ૫, કોડીનાર ૭, ઉના ૧૭ અને ગીર ગઢડા ૭ મિલીમીટર વરસાદ નોંધાયો હતો. મોડી સાંજ સુધીમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાવાની શરૂઆત થઈ ગઈ હતી. કેટલાક વિસ્તારોમાં તો, પ્રચંડ તીવ્રતા સાથેનો પવન ફુંકાવાની સાથે વરસાદ થયો હતો. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, વરસાદની જિલ્લાવાર માહિતી જોઈએ તો પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં ૪૫ મી.મી., સરસ્વતી તથા હારિજમાં ૧૬ મી.મી., પાટણમાં ૧૮ મી.મી.,બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ૩૩ મી.મી., પાલનપુરમાં ૧૭ મી.મી., દિયોદરમાં ૧૪ મી.મી., દાંતા અને ડિસામાં ૧૨-૧૨ મી.મી., સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ૪૩ મી.મી., હિંમતનગરમાં ૩૪ મી.મી., ઈડરમાં ૨૨ મી.મી., ખેડબ્રહ્માંમાં ૨૧ મી.મી., તલોદમાં ૨૧ મી.મી., વડાલીમાં ૧૮ મી.મી. અને મહેસાણા જિલ્લાના વિજાપુરમાં ૩૮ મી.મી., વિસનગરમાં ૩૬ મી.મી., વડનગરમાં ૨૧ મી.મી., મહેસાણામાં ૨૨ મી.મી. અને ઉંઝામાં ૧૧ મી.મી., અરવલ્લી જિલ્લાના બાયડમાં ૩૩ મી.મી., ગાંધીનગર જિલ્લાના માણસામાં ૩૩ મી.મી. અને કલોલમાં ૨૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે સૌરાષ્ટ્રમાં કચ્છ જિલ્લાના લખપતમાં ૧૬ મી.મી., દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરમાં ૨૫ મી.મી., જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં ૧૨ મી.મી., ભાવનગર જિલ્લાના જેસરમાં ૨૦ મી.મી., અમરેલી જિલ્લાના જાફરાબાદમાં ૨૫ મી.મી., ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ૧૪ મી.મી, પોરબંદર જિલ્લાના રાણાવાવમાં ૧૨ મી.મી., રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ૧૧ મી.મી. તથા જામનગર તાલુકામાં ૨૬ મી.મી. વરસાદ નોંધાયો હતો.

# ડીસામાં ધોળા દિવસે આંગડિયા પેઢીના કર્મચારીઓ પર હુમલો

### ૨૭.૮૮ લાખના મુદ્દામાલની લૂંટ : અજાણ્યા લૂંટારૂઓએ હવામાં ફાયરિંગ કરી લૂંટ ચલાવતા ખળભળાટ : જોકે ફાયરિંગના અહેવાલોને પોલીસે નકાર્યા

ડીસા, તા. ૧૩

બનાસકાંઠાના ડીસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની પોલ ખોલતી ચોંકાવનારી ઘટનામાં શહેરના હીરા બજાર નજીક આંગડિયા પેઢીના બે કર્મચારીઓ પર હુમલો કરી લૂંટ ચલાવાતા ચકચાર મચી ગઈ છે. આ શખ્સોએ હવામાં ફાયરિંગ કરતા નગરમાં ખળભળાટ મચી ગયો છે.

ડીસામાં ચોરી અને લૂંટ જેવી ઘટનાઓ હવે ડીસા સામાન્ય બની ગઈ છે. શહેરમાં નિર્દોષ લોકોને હેરાન પરેશાન કરતી પોલીસ આવી ગંભીર ઘટનાઓ અટકાવવામાં સરેઆમ નિષ્ફળ નીવડી રહી છે. બુધવારે ડીસા શહેરના હીરા બજારમાં આવેલી કે.અશ્વિનકુમાર એન્ડ કમ્પની નામની આંગડિયાની પેઢીના બે કર્મચારીઓ સાઈબાબા મંદિરથી આંગડિયા પેઢીના માલના બે થેલા લઈ એકિટવા પર પસાર થઈ રહ્યા હતા. એ વખતે હીરા બજાર નજીક સફેદ કારમાં આવેલા બે અજાણ્યા શખ્સોએ આંગડિયા પેઢીના કર્મચારીઓને અટકાવી તેમની પાસેના થેલા ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના વખતે એક શખ્સે જીતુભાઈ પંચાલ નામક કર્મચારીના હાથ પર ઘા કરી ઈજા પહોંચાડી હતી. તેમ છતા જીતુભાઈ પંચાલે થેલો ન છોડતા કારમાં આવેલા અન્ય શખ્સે હવામાં ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગનો અવાજ સાંભળી જીતુભાઈના હાથમાં રહેલા થેલા છૂટી જતાં કારમાં આવેલા બંને શખ્સો થેલા લૂંટી લઈ ફરાર થઈ ગયા હતા. ધોળા દિવસે આવો ચોંકાવનારો બનાવ બનતા ઘટના સ્થળે લોકોનું મોટું ટોળું એકત્રિત થઈ ગયું હતું. આસપાસના લોકોએ ઈજાગ્રસ્ત જીતુભાઈને તાત્કાલિક ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા.

આ ઘટના અંગે ભોગ બનનારે બંને શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જોકે પોલીસ આ ઘટનામાં ફાયરિંગ થયું હોવાનો ધરાર ઈન્કાર કરી રહી છે. જ્યારે ભોગ બનનાર બંને શખ્સોએ તેમના નિવેદનમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ છે કે આ ઘટનામાં ફાયરિંગ થયું છે. ત્યારે ફાયરિંગની ઘટના પર પોલીસ કેમ પરદો પાડી રહી છે. આ ઘટનામાં ૨૭.૮૮ લાખના દાગીના ભરેલ બે થેલાની લૂંટ થઈ હોવાનો ફરિયાદમાં દાવો કરાયો છે. પરંતુ કોઈ કારણસર પોલીસ આ ઘટના પર પરદો પાડવાનો પ્રયાસ કરતી હોવાની શંકા સેવાઈ રહી છે.

# પ્રાંતિજમાં વાવાઝોડામાં યુવકનું પતરૂ વાગતા મોત

## બાયડના શણગાલ ગામે ૪ પશુના મોત, મકાનોના પતરા ઉડ્યા





બાયડ, તા. ૧૩

વાયુની ઉત્તર ગુજરાતમાં સતત બીજા દિવસે વાદળછાયું વાતાવરણ અને વરસાદી છાંટા પડી રહ્યા છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના કેટલાક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ ખાબકતા ભારે તબાહી સર્જી હતી. સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના અમીનપુરા ટેકરા વિસ્તારમાં રહેતા આધેડનું વાવાઝોડામાં પતરૂ ઉડી વાગતા મોત નિપજતા ચકચાર મચી હતી. બાયડ તાલુકાના શણગાલ ગામે વાવાઝોડા સાથે ખાબકેલા વરસાદથી ૨૫થી વધુ મકાનોના છાપરા ઉડી ગયા હતા. ૪ પશુઓના મોત નિપજતા પશુપાલકો ચિંતિત બન્યા હતા.

વાયુ વાવાઝોડાના ઈફેક્ટ બુધવારે સાંજના અને રાત્રીના સુમારે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. પ્રાંતિજ વિસ્તારમાં વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદમાં અમીનપુરા ટેકરા વિસ્તારમાં રહેતા કનુભાઈ રાવજીભાઈ વાઘેલાને ઘરના સમારકામ દરમિયાન છતનું પતરું ઉડી વાગતા મોત નિપજતા વાવાઝોડાએ એકનો ભોગ લીધો હતો. પ્રાંતિજ તાલુકામાં ખેતીના પાકને પણ વ્યાપક નુકશાન જતા ખેડૂતો ચિંતિત બન્યા હતા.

બાયડ તાલુકાના શણગાલ-વાસણા વિસ્તારમાં ગત રાત્રીએ ત્રાટકેલા વાવાઝોડા સાથે વરસાદ ખાબકતા ભારે તબાહી સર્જી હતી. ૨૫થી વધુ મકાનોની છત ઉડી જતા ગરીબ પરિવારો બેહાલ બન્યા હતા. ૪ પશુઓના પણ મોત નિપજતા અને ઠેર ઠેર અસંખ્ય વૃક્ષો ધરાશાયી થવાની સાથે વીજળી ડૂલ થતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાયો હતો. વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી. શણગાલ ગામે ત્રાટકેલા વાવાઝોડાથી ગ્રામજનોને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો.



**પ્રો. આરતીબેન નવીનચંદ્ર સોનીને બેસ્ટ વુમન સાયન્ટિસ્ટ એવોર્ડ**

સોસાયટી ઓફ એક્ષટેન્શન એજ્યુકેશન, ગુજરાત અને નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા તા. ૮-૯ જૂન, ૨૦૧૯ ના રોજ ન.કૃ.યુ., નવસારી ખાતે રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ યોજાયેલ હતો. તેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા, જિ. તાપી ખાતે ગૃહવિજ્ઞાન વિભાગમાં વૈજ્ઞાનિક તરીકે કાર્ય કરતા પ્રો. આરતીબેન નવીનચંદ્ર સોનીને 'સ્વ. ચંપાબેન વલ્લભભાઈ માયાણી બેસ્ટ વુમન સાયન્ટિસ્ટ એવોર્ડ' આપવામાં આવ્યો હતો. ન.કૃ.યુ., નવસારી અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ તેમજ ડાયરેક્ટર, ATARI, ICAR, ઝોન-૮, પુના દ્વારા મોમેન્ટો, સર્ટિફિકેટ અને રૂ. ૨૦૦૦/- રોકડ ઈનામ આપી સન્માન કરી યુનિવર્સિટી ટીમ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ તેઓએ અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી શ્રીમાળી સોની સમાજનું ગૌરવ વધાર્યું છે.

## વિડિયોકોનની પેશકશ "હેટ્રિક ઓફર"

આજકાલ ક્રિકેટ વર્લ્ડકપનો શુમાર પુરા દેશમાં ફેલાયેલો છે. એવામાં કન્જ્યુમર ડ્યૂરેબલ અને હોમ એપ્લાયેન્સેઝની જાનીમાની કંપની વિડિયોકોન એ પોતાના સ્માર્ટ એલઈડી ટીવીની શ્રેણીની સાથે તૈયાર કરી "હેટ્રિક ઓફર" આ જબરજસ્ત ઓફરમાં ગ્રાહક ત્રણ ફાયદા લઈ શકે છે - જેમાં જુના ટી.વી.ના બદલે રૂ. ૬૦૦૦ની રોકડની છુટ, ત્રીપલ જીરો ફાયનાન્સ સુવિધા તથા વર્લ્ડ કપથી વર્લ્ડકપ સુધીની વોરંટી, આ ઓફર આખા દેશમાં ૧૫ જુલાઈ ૨૦૧૯ સુધી માન્ય છે.

વિડિયોકોનના સી.ઓ.ઓ. જ્યોતિ શેખરે કહ્યુ કે અમે અત્યંત ગર્વની સાથે સ્માર્ટ એલ.ઈ.ડી. ટી.વી.ના ૩૨ ઈંચ થી ૫૫ ઈંચની નવી શ્રેણી પ્રસ્તુત કરી રહ્યા છીએ જે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સની સાથે વર્તમાનના ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલુ સ્માર્ટ ટી.વી. છે. વિડિયોકોન સ્માર્ટ એ.આઈ.ટી.વી. શ્રેણીમાં હાજર આર્ટીફિશિયલ બ્રેન ગ્રાહકોના કાર્યક્રમોની જોવાની રીતને સમજીને ગ્રાહકોની પસંદની ચેનલો સુનિયોજીત કરી છએ. એ.આઈ.ટી.વી. સેન્સી ટેકનીકના કારણે એક રિમોટની સુવિધા આપે છે માટે ગ્રાહકોને સેટઅપ બોક્સ અને ટી.વી.ના અલગ અલગ રિમોટની જરૂર ના પડે. ટીવી. મોમેંટસ સુવિધામાં ગ્રાહક પોતાના પસંદ સેલિબ્રેટીને ફોલો કરી શકે છે, પસંદગીના ખાદ્ય કાર્યક્રમો જોઈ શકે છે તથા વોઈસ કમાન્ડ ઈચ્છાનુસાર કાર્યક્રમોને ટી.વી. સ્ક્રીન પર નિયંત્રીત કરી શકે છે. આમા ડીટીએચ તથા સ્માર્ટ અને ઓ.ટી.ટી. એપનો ઉપયોગ ગ્રાહક માટે આસાન છે. આવી રીતે તમે કરોડો સ્વભાવિક રંગોની સાથે અસિમિત કન્ટેન્ટવાળા બ્રાઈટ ડિસ્પ્લેનો આનંદ ઉઠાવી શકો છે.

### આંબલીયારા પોલીસનું સરાહનીય કાર્ય

# બાયડ-દહેગામ રોડ પર વરસાદથી વાત્રક પુલ પર ભરાયેલ પાણીનો નિકાલ કર્યો

બાયડ, તા. ૧૩

'વાયુ' વાવાઝોડાને લઈને અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓ વહેલી સવારથી જ વાતવરણમાં ભારે પલટો જોવા મળ્યો હતો. આકાશે કાળા ડિબાંગ વાદળો જોવા મળ્યા હતા. બાયડ તાલુકાના તેનપુર વિસ્તારમાં એક કલાકમાં ભારે પવન સાથે ૨ ઈંચ વરસાદ ખાબકતા વૃક્ષો ધરાશાયી થવાની સાથે બાયડ-દહેગામ રોડ પર આવેલા વાત્રક પુલ પર પાણી ભરાતા વાહનચાલકો ફસાયા હતા અને વાહનો બંધ થઈ જતા આંબલીયારા પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પાણી દૂર કરતા વાહન વ્યવહાર પૂર્વરત કરતા વાહનચાલકોએ પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી.



આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આશિષ પટેલ અને તેમની ટીમે અરવલ્લી-ગાંધીનગર જીલ્લાને જોડાતા જીવાદોરી સમાન રાજ્યધોરી માર્ગ પર આવેલા વાત્રક પુલ પર ધોધમાર વરસાદના પગલે પુલ પર બનાવેલ હોલમાં કચરો ભરાતા પુલ પર પાણી ફરી વળતા પુલ પર પાણી ભરાતા અહીંથી પસાર થતા વાહનચાલકોને વાહનોમાં પાણી ભરાતા વાહનો બંધ થઈ જતા વાહનવ્યવહાર થંભી જતા પુલ પરના કાણામાં ભરાયેલ કચરો પોલીસ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી દૂર કરતા પુલ પર ભરાયેલ પાણી વહી જતા ફરીથી વાહન વ્યવહાર પૂર્વરત થતા પુલ પર ભરાયેલા પાણીના પગલે ફસાયેલ વાહનચાલકોએ પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી.

પીએસઆઈ આશિષ પટેલના જણાવ્યા અનુસાર બાયડ પંથકના તેનપુર વિસ્તારમાં વાયુ વાવાઝોડાની અસરના પગલે સાંજના સુમારે ખાબકેલા ધોધમાર વરસાદમાં પુલ પર પાણી ભરાયા હોવાની જાણ થતા કર્મચારીઓ સાથે વાત્રક પુલ પર પહોંચી પુલ પર ભરાયેલ પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

## સંકટ ટળ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

કિનારામાં તો, દરિયાનું પાણી કરંટ મારતું હતું. દરિયાકાંઠાના વિસ્તારોમાં કયાંક તો ઘરોમાં, સ્થાનિક વસ્તીમાં પાણી ઘૂસી ગયુ હતુ અને તેના કારણે સ્થાનિક લોકોમાં ડર અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. દરમ્યાન હવામાન એજેન્સી સ્કાયમેટે દાવો કર્યો હતો ક, વાયુ વાવાઝોડાની ગુજરાતમાં કોઈ અસર નહીં થાય. ગુજરાતમાં આગામી તા.૧૫ જૂન સુધી વાવાઝોડાનો ખતરો રહેવાની શકયતા છે. વાવાઝોડુ ત્રાટકે તે પહેલા જ ત્રણ લાખ લોકોને સુરક્ષિત ખસેડી લેવામાં આવ્યા હતા.રાજ્યના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યું છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને મુખ્ય સચિવ ડો. જે.એન.સિંઘ સહિતના ઉચ્ચ અધિકારીઓએ આજે દરિયાકાંઠાના અસરગ્રસ્ત ૧૦ જિલ્લાના વહીવટીતંત્ર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી છે. મુખ્ય કંટ્રોલ રૂમ ખાતે ૧૪ જેટલા સિનિયર આઈ.એ.એસ. અધિકારીઓ વાવાઝોડા સંદર્ભે તેમના સંબંધિત વિભાગોની કામગીરીનું મોનિટરીંગ કરી રહ્યા છે અને એકેએક હિલચાલ પર બાજનજર રાખી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યભરમાં બપોર સુધીમાં ૧,૨૩,૫૫૦થી વધ નાગરિકોનું સ્થળાંતર કરાયું છે. જે માટે રાજ્યભરમાં ૧,૨૧૬ જેટલાં આશ્રયસ્થાનો ઉભા કર્યા છે. જેમાં એન.જી.ઓ. તથા ધાર્મિક સંસ્થાઓના સહયોગથી રહેવાની, જમવાની, પીવાના પાણીની પૂરે પૂરી વ્યવસ્થા કરી દેવાઈ છે. સ્થળાંતરની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સાંજ સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરી દેવાશે. ગાંધીનગર ખાતે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્ય કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે.

## હજુ ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જગ્યાએ આશરો લઈ રહ્યા છે. ૪૮ કલાક સુધી સ્થળ ન છોડવા માટે લોકોને કહેવામાં આવ્યું છે. તેમને ભોજન, પાણી તથા આરોગ્યની સુવિધા આપવામાં આવી છે. વાવાઝોડા દ્વારા થયેલા નુકસાન અંગે માહિતી આપતા પંકજકુમારે કહ્યું હતું કે, વિજળીના ૯૫૧ ફીડર બંધ થઈ ગયા હતા જે પૈકી ૭૨૬ પૂર્વવત કરી દેવામાં આવ્યા છે. ૨૨૫ ફીડરોને પણ ચાલુ કરવાની પ્રક્રિયા પૂર્ણ થવા આવી છે. ૧૯૫૭ ગામડાઓમાં વિજ સેવાઓ ફરી શરૂ થઈ રહી છે. દરિયાઈ વિસ્તારમાં જરૂરી સેવાઓ હાલમાં બંધ છે. એનડીઆરએફ, સેના, નૌકા સેનાની ટીમો સક્રિય થયેલી છે. પકંજકુમારે કુદરતી આપદામાં એકબીજાને મદદરુપ થવા નાગરિકોને અપીલ કરી હતી.

## તોફાની બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મ્યુનિસિપલ કમિશ્નરે જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ મુજબ ચુંટાયેલ પાંખના અધિકારી એવા મ્યુનિસિપલ સેક્રેટરીને કોઈ પણ પ્રકારનો ખુલાસો પુછવા હક્કદાર નથી.

ચુંટાયેલ પાંખના ઠરાવ સિવાય સેક્રેટરી વિરૂદ્ધ કોઈ પણ પગલાં ભરી શકાય નહિ તેમ છતાં મ્યુનિસિપલ કમિશ્નકે ગેરકાયદેસર રીતે ખુલાસો પુછીને ચૂંટાયેલી પાંખના અધિકારીને રાજીનામુ આપવા પ્રેરણા આપેલ છે, જે તદ્દન ગેરકાયદેસર છે.

મ્યુનિસિપલ સેક્રેટરીનુ રાજીનામુ મંજુર કરવાની સત્તા સામાન્ય સભાના પાસે છે, કારણ કે મ્યુનિસિપલ સેક્રેટરીની નિમણૂંકની સત્તા સામાન્ય સભા છે. જેથી કમિશ્નરશ્રીની કાર્યવાહી રદ કરવાનુ ઠરાવવામાં આવે છે.

મ્યુનિસિપલ સેક્રેટરીના રાજીનામાં અંગેનો નિર્ણય લેવા સ્થાયી સમિતિ મારફતે સામાન્ય સભામાં રાજીનામુ સાદર કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને દરખાસ્ત કરવાનું ઠરાવવામાં આવે છે.

મ્યુનિસપલ સેક્રેટરીશ્રીની ગેરહાજરીમાં સેક્રેટરી સિવાય ચાર્જ કમિશ્નરશ્રીના તાબા હેઠળના અધિકારીશ્રીને આપી ન શકાય તેમ છતાં ચુંટાયેલ પાંખના સીધા નિયંત્રણ હેઠળના અધિકારીને ચાર્જ આપવાની જગ્યાએ કમિશ્નરશ્રીના તાબા હેઠળના કર્મચારીને ચાર્જ આપીને જી.પી.પીએમ.સી. એક્ટ-૧૯૪૯ની જોગવાઈનો સરેઆમ ભંગ થયેલ છે.

## અદ્ધરતાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટોર્મ વોટર લાઈન હયાત છે. પરંતુ હજુ સુધી આ લાઈનની સફાઈ થઈ ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. દરવર્ષે વરસાદી દિવસો પુર્વે સ્ટોર્મ વોટર લાઈનની સફાઈનુ કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ હજુ સુધી આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે વરસાદી પાણીનો નિકાલ યોગ્ય રીતે ન થતો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ગઈકાલે એક ઝાપટા સાથે શહેરના કેટલાક વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો હતો. હજુ ચોમાસુ માથે છે. ત્યારે શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની સફાઈનુ કામ ઝડપથી હાથ ધરાય તેવો સુર ઉઠવા પામ્યો છે.

## બિશ્કેકમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સહયોગ બેઠકમં ભાગ લેવા માટે આજે સવારે કિર્ગિસ્તાન જવા માટે રવાના થયા હતા. મોદી ઓમાન, ઈરાન અને મધ્ય એશિયાના રસ્તે થઈને બિશ્કેક પહોંચ્યા હતા. બેઠકમાં પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન પણ હાજરી આપનાર છે. તાજેતરમાં જ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને પત્ર લખીને વાતચીત મારફતે તમામ વિવાદને ઉકેલવાની વાત કરી હતી પરંતુ ભારતે સાફ શબ્દોમાં કહ્યું હતુ કે, આતંકવાદ અને વાતચીત એક સાથે ચાલી શકે નહીં. આવી સ્થિતિમાં પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રથી મોદીના વિમાનને નહીં લઈ જવાનો નિર્ણય એક સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે. શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની આ બેઠકમાં હિસ્સો લેવા માટે મોદી બિશ્કેક પહોંચ્યા છે. કેન્દ્રના આ નિર્ણય અંગે વિદેશ મંત્રાલયનું કહેવું છે કે, બિશ્કેક જનારા વિમાન માટે ભારત સરકારે બે વિકલ્પો ઉપર વિચારણા કરી હતી. અંતે એવો નિર્ણય કરાયો હતો કે, આ વિમાન ઓમાન, ઈરાન, મધ્ય એશિયન દેશો મારફતે બિશ્કેક જશે. બાલાકોટમાં આતંકવાદી અડ્ડાઓ ઉપર ભારતીય હવાઈ દળે હવાઈ હુમલા કર્યા બાદ પાકિસ્તાને પોતાના હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધા હતા. જો કે, માર્ચ-એપ્રિલ મહિનામાં બે વિમાની ક્ષેત્રો ખોલી દીધા હતા. બાકીના નવ વિમાની ક્ષેત્ર હજુ પણ બંધ છે જેના સંદર્ભમાં ૧૪મી જૂનના દિવસે નિર્ણય લેવામાં આવશે. મોદી બિશ્કેક મિટિંગમાં આતંકવાદ સહિતના મુદ્દા ઉપર વાતચીત કરનાર છે. પાકિસ્તાની વડાપ્રધાન સાથે મોદીની કોઈ બેઠક રાખવામાં આવી નથી જે મહત્વપૂર્ણ બાબત છે.

## તમામના મોત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂર્વ અરુણાચલ પ્રદેશની પહાડીઓ ઉપર અગાઉ પણ આવા વિમાનોના કાટમાળ મળ્યા છે જે બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન લાપત્તા થઈ ગયા હતા. આ અમેરિકી વિમાન ચીનના કુનમિંગમાં લડી રહેલા તાત્કાલિક ચીની પ્રમુખ ચિયાંગ કોઈ શેકના સૈનિકો અને અમેરિકી સૈનિકો માટે જરૂરી સપ્લાય લઈને જતા હતા. જુદા જુદા રિસર્ચમાં જાણવા મળ્યું હતુ કે, જ્યાં કાટમાળ નજરે પડ્યો છે તે ખુબ જ જટિલ વિસ્તાર છે. ૧૩ લોકોની સાથે આ વિમાન ત્રીજી જૂનના દિવસે આસામના એરબેઝથી રવાના થયું હતું. ત્યારબાદ સુખોઈ ૩૦, સી-૧૩૦, પી-૮આઈ વિમાન, ડ્રોન અને સેટેલાઈટ મારફતે શોધખોળ ચાલી રહી હતી છતાં કોઈપણ પ્રકારની ભાળ મળી રહી નહતી. પાંચ લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. શોધખોળ અભિયાનમાં હવાઈ દળ ઉપરાંત નૌકા સેના, ગુપ્તચર સંસ્થાઓ, આઈટીબીટી અને પોલીસ જવાનો લાગેલા હતા. આ એવા વિસ્તાર તરીકે છે જ્યાં બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન વિમાનનો કાટમાળ મળી આવ્યો હતો. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં પૂર્વ અરુણાચલ પ્રદેશમાં રોઈંગ જિલ્લામાં ૭૫ વર્ષથી લાપત્તા થયેલા એક વિમાનનો કાટમાળ મળી આવ્યો હતો. આ અમેરિકી હવાઈ દળના વિમાનનો કાટમાળ હતો. શોધખોળ દરમિયાન લાપત્તા થયેલા એએન-૩૨ વિમાનનો કાટમાળ લિપોથી ૧૬ કિલોમીટરના અંતરે દેખાયો હોવાના અહેવાલ મળ્યા હતા. દુર્ઘટનાગ્રસ્ત વિસ્તાર ખુબ ઉંચાઈ ઉપર હોવાના કારણે કાટમાળ સુધી પહોંચવાની બાબત ખુબ પડકારરુપ બની ગઈ હતી. બચાવ ટુકડીને ઘટનાસ્થળ ઉપર પહોંચવા ખુબ જહેમત ઉઠાવી પડી હતી. પૂર્વીય અરુણાચલ પ્રદેશની પહાડીઓને ખુબ જ રહસ્યમય ગણવામાં આવે છે. અગાઉ પણ કેટલાક વિમાન અહીં દુર્ઘટનાગ્રસ્ત થયા છે. જે જગ્યાએ વિમાનનો કાટમાળ મળ્યો હતો તે આશરે ૧૨૦૦૦ ફૂટની ઉંચાઈ ઉપર સ્થિત છે. જુદાજુદા રિસર્ચમાં સાબિત થઈ ચુક્યું છે કે, આ વિસ્તારની આસપાસમાં ખુબ વધારે પવનની ગતિ રહે છે જેથી સંપર્ક તુટી જાય છે. અહીં ઉંડાણ ભરવાની બાબત ખુબ મુશ્કેલરુપ રહે છે. આ વિસ્તારમાં કોઈ વિમાનના કાટમાળને શોધી કાઢવાની બાબત પણ સરળ હોતી નથી પરંતુ આ વખતે વહેલી તકે સફળતા હાથ લાગી છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૧૩ લોકોમાં છ અધિકારી અને સાત એરમેન છે.